### ઈન્ડીયન આર્ટિલરી રેજિમેન્ટની સ્થાપનાના ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં

# દ્વારકાથી દિલ્હી સુધી 'ભારત રણભૂમિ દર્શન' કાર રેલીનો પ્રારંભ

## તેલંગાણાના રાજ્યપાલ જિષ્ણુદેવ વર્માએ દ્વારકાના સનસેટ પોઈન્ટ ખાતે કાર રેલીને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું



દ્વારકા : ભારતના આર્ટિલરી રેજીમેન્ટના ૨૦૦ વર્ષ પૂર્ણતાના અવસરને યાદગાર બનાવવા ભારતીય આર્મી, નેવી અને બીએસએફ એસએસબીના સંયુક્ત સહયોગથી ગઈકાલે દ્વારકાથી દિલ્હી સુધીની 'ભારત રણભૂમિ દર્શન' અભિયાનનો શાનદાર પ્રારંભ કરવામાં આવ્યો છે. તેલંગાણાના રાજ્યપાલ જિષ્ણુદેવ વર્માએ દ્વારકાના સનસેટ પોઈન્ટ ખાતે કાર રેલીને લીલી ઝંડી બતાવી રવાના કરી હતી. સીમા સુરક્ષા અને જનજાગૃતિના સમન્વય સાથેનું અભિયાન દેશના વીર ગનર્સના સાહસ અને બલિદાનને સમર્પિત છે. પશ્ચિમી છેવાડાના યાત્રાધામ દ્વારકાથી શરૂ કરાયેલ આ કાર રેલી આગામી દિવસોમાં કચ્છ. ગુજરાતની પશ્ચિમી સરહદોથી રાજસ્થાનની બોર્ડર થઈ અમ્બાલા કેન્ટથી રાજધાની દિલ્હી સુધી ૩૪૦૦ કિમીથી વધુનું અંતર કાપશે. આ કાર રેલીનો મુખ્ય ઉદ્દેશ ઐતિહાસિક રણભૂમિઓની મુલાકાત લઈ યુદ્ધ સ્મારકો પર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પિત કરવાનો છે. રેલીના માર્ગમાં સૈનિકોની ટુકડી સરહદી ગામોના લોકો, વીર નારીઓ અને ભુતપૂર્વ સૈનિકો સાથે સંવાદ કરી રાષ્ટ્રની કૃતજ્ઞતા વ્યકત કરશે. આ રેલી આગામી ૨૦ થી ૨૫ ફેબ્રુઆરી સુધીમાં નવી દિલ્હી સ્થિત નેશનલ વોર મેમોરીયલ ખાતે સંપન્ન થશે. ધર્મનગરી દ્વારકાથી આ કાર રેલીની સફર શરૂ કરવાનું વિશેષ વ્યુહાત્મક મહત્ત્વ છે. દેશની દરીયાઈ સીમાઓના રક્ષણમાં નૌકાદળની ભૂમિકાને દ્વારકા મજબૂત રીતે રેખાંકિત કરે છે. દ્વારકામાં યોજાયેલ પ્રસ્થાન સમારોહમાં વરિષ્ઠ સૈન્ય અધિકારીઓ, સ્થાનીય વહીવટીતંત્રના પ્રતિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં એનસીસી કેડેટ્સ હાજર રહયા હતા અને સ્થાનીય બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ દેશભકિતના નારાઓ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં આ રેલી દ્વારકાથી રવાના થઈ હતી જે આગામી દિવસોમાં સરહદી વિસ્તારના ગામોમાં થઈ નાગરીકોમાં રાષ્ટ્રીય ગૌરવ અને એકતાનો સંદેશ ફેલાવશે.

# ખીજડિયા બાયપાસ પાસે અજાણ્યા વાહને બાઈકને હડફેટે લેતા તારુણનું મોત, મામા-પુત્ર ઘાયલ

## જામનગરમાં લગ્ન પ્રસંગમાં હાજરી આપી પરત ફરતી વખતે નડયો ગોઝારો

જામનગર : જામનગર રાજકોટ રોડ ફરી એક વખત રક્તરંજીત બન્યો હતો. ખીજડીયા બાયપાસ પાસે હિટ એન્ડ રનના બનાવમાં નવમા ધોરણના વિદ્યાર્થીનું ગંભીર ઈજા થવાથી સ્થળ પર જ કરુણ મૃત્યુ નીપજયું છે. જ્યારે બાઈક સવાર તેના મામા અને મામાના પુત્ર સહિત અન્ય બે ને ગંભીર ઈજા થઈ છે, અને જી.જી. હોસ્પિટલમાં ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધ્યો છે. મૃતક ભાણેજ તથા તેના મામા વગેરે જામનગરમાં લગ્ન પ્રસંગ પતાવીને પરત ફરી રહ્યા હતા, દરમિયાન આ ગમખ્વાર અકસ્માત નડ્યો હતો.

આ બનાવની વિગત એવી છે કે જામનગર નજીક વસઈ ગામમાં રહીને માલધારીનો વ્યવસાય કરતા કારાભાઈ ડાયાભાઈ કટારીયા નામના માલધારી યુવાનનો ૧૩ વર્ષનો પુત્ર મેઘરાજ કે જે નવમા ધોરણમાં અભ્યાસ કરે છે, અને કારાભાઈના સાળા કે જેઓ જામનગરમાં રહે છે, તેને ત્યાં લગ્ન પ્રસંગ હોવાથી મેઘરાજ તેના માતા સાથે જામનગરમાં આવ્યો હતો, અને પોતાના મામા મુકેશભાઈ અને તેના પુત્ર જીતેશ સાથે એક બાઈકમાં બેસીને જામનગરથી વસઈ ગામે પરત ફરી રહ્યા હતા.

જે દરમિયાન જામનગર રાજકોટ ધોરી માર્ગ પર ખીજડીયા બાયપાસ પાસે કોઈ અજાણ્યા વાહનના ચાલકે પૂરપાટ ઝડપે આવી બાઈકને ટક્કર મારી દેતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં બાઈક સવાર મુકેશભાઈ અને તેના પુત્ર જીતેશ તેમજ ભાણેજ મેઘરાજને ગંભીર ઈજા થઈ હતી, જેમાં મેઘરાજનું સ્થળ પર મૃત્યુ નીપજયું હતું, જયારે બાઈક સવાર મુકેશભાઈ અને તેના પુત્ર જીતેશને હેમરેજ સહિતની નાની મોટી ઈજા થઈ હોવાથી સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, મૃતક મેઘરાજના પિતા કારાભાઈ ડાયાભાઈ ટારીયાએ જામનગરના પંચકોશી એ. ડિવિઝન પોલીસ મથકમાં અજાણ્યા વાહન ચાલક સામે ફરિયાદ નોંધાવતાં પીએસઆઇ એ આર પરમાર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ખંભાળિયાના મોવાણ ગામે લગ્નમાં દાંડીયારાસ રમતી કિશોરીનું હૃદય બેસી ગયું

ખંભાળિયા : તાજેતરમાં ઘણા એવા કિસ્સા સામે આવ્યા છે જેમાં યુવાન, યુવતીઓ અને નાની ઉમરના લોકોમાં હૃદયરોગના હુમલાના બનાવનું પ્રમાણ વધ્યુ છે. જે સંપૂર્ણ ચિંતાનો વિષય છે. આવો જ એક કરુણ બનાવ ખંભાળિયાના મોવાણ ગામમા બન્યો છે. જેમાં પિતાના મામાના દીકરીના લગ્નમાં દાંડીયારાસ રમતી વેળાએ એકાએક ઢળી પડતા કિશોરીનું હૃદય બેસી જતા મૃત્યુ નિપજતા લગ્નમાં મોજ માણતા પરિવાર અને સગા સંબંધીઓમાં ભારે ગમગીની છવાઈ ગઈ હતી. આ બનાવની મૃતકના પિતાએ જાણ કરતા ખંભાળિયા પોલીસે સ્થળપર દોડી જઈ આગળની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ કલ્યાણપુર તાલુકાના ગઢકા ગામે રહેતા અરવિંદભાઈ જેતાભાઈ ડાભી પોતાના પરિવાર સાથે ખંભાળિયા તાલુકાના મોવાણ ગામે તેઓના મામાની દીકરીના લગ્ન પ્રસંગમાં ગયા હોય દરમિયાન લગ્ન પ્રસંગમાં તમામ ઉપસ્થિત પરિવાર, સગા સંબંધીઓ વિગેરે દાંડિયારાસની મોજ માણતા હોય આ વેળાએ અરવિંદભાઈ સાથે આવેલ તેની દીકરી સંધ્યા ( ઉ. વ. ૧૬ ) દાંડીયારાસ રમતી હોય આ વેળાએ તેની રમતા રમતા એકાએક બેભાન થઈ ઢળી પડી હતી જેથી તેણીને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવતી હોય પરંતુ હૃદયરોગનો પ્રાણઘાતક હુમલો આવી જતા તેણીનું મૃત્યુ નિપજતા ભારે શોકનું મોજુ ફરી વળ્યુ હતું. આ બનાવને લઈ લગ્ન પ્રસંગમાં આવેલા સૌ કોઈની આંખોમાં હરખના બદલે શોકના આંસુ જોવા મળતા હતા. બીજીતરફ આ બનાવની મૃતકના પિતા અરવિંદભાઈ ડાભીએ ખંભાળિયા પોલીસમાં જાણ કરતા હે. કો. એચ.એમ. ચાવડા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# કાલાવડના વેપારીએ સોરઠા ગામના ખેડૂતો પાસે ૯૭ લાખની જણસો ખરીદી હાથ ઊંચા કરી ફરાર

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના સોરઠા ગામે કેટલાક ખેડુતો પાસેથી જુદી જુદી જણસો ખરીદ કર્યા બાદ કલાવડના શખ્સે હાથ ઊંચા કરી રૂ. ૯૭ લાખ જેવી રકમ ઓળવી જઈ નાશી જતા તેમની સામે પોલીસમાં ફરિયાદ નોંધાવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ કાલાવડ તાલુકાના સોરઠા ગામમાં રહીને ખેતી કામ કરતા ખેડૂત કુલદીપભાઈ ગોરધનભાઈ કોઠીયાએ કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરીયાદ કરી ને જણાવ્યું છે, કે પોતાની તથા અન્ય કેટલાક ખેડૂતોની આશરે ૯૬,૯૭,૬૦૧ જેટલી રકમની જુદી જુદી ખેત પેદાશો મેળવી લઈ નાણાં નહીં ચૂકવી વિશ્વાસગાત અને છેતરપિંડી કરવા અંગે કાલાવડના કુંભનાથ પરા વિસ્તારમાં રહેતા દિલીપ નારદભાઈ સાવલિયા નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી ખેડૂત કુલદીપભાઈ કોઠીયા પાસેથી આરોપી દિલીપ સાવલિયાએ મગફળી તથા તલ વગેરેનો જથ્થો ખરીદ કર્યો હતો, ઉપરાંત સફેદ ચણા સહિતની અન્ય ખેતપેદાશોની કાલાવડના ગ્રામ્ય વિસ્તારના કેટલાક ખેડૂતો પાસેથી ખરીદી કરી હતી. કુલ ૯૬,૯૭,૬૦૧ જેટલી માતબર રકમની જુદી જુદી ખેતપેદાશોની ખરીદી કરી લીધા બાદ આરોપી દિલીપ સાવલિયાએ નાણાં નહીં ચૂકવી હાથ ખંખેરી લેતાં આખરે તેની સામે કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. જે ફરિયાદના અનુસંધાને કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકના પીઆઈ એન.વી. આંબલીયા અને તેઓની ટીમ દ્વારા સમગ્ર મામલામાં ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરાઈ છે. આરોપી દિલીપ સાવલિયા હાલ ભાગી છૂટ્યો છે, તેની સાથે અન્ય કોણ કોણ સંડોવાયેલું છે, તે સમગ્ર મામલામાં પણ પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ ચલાવવામાં આવી રહી છે.

# લાખાબાવળ અને જામજોધપુરમાં જુગાર રમતા પાંચ મહિલા સહિત નવ ઝડપાયા

## રોકડ રુ. ૧,૧૦,૦૦૦ અને બે બાઈક સહિત ૧.૭૦ લાખનો મુદામાલ કબજે

જામનગર : જામનગર તાલુકાના લાખાબાવળ ગામે તેમજ જામજોધપુરમાં પોલીસે જુગાર અંગે બે દરોડા પાડયા હતાં. જેમાં પાંચ મહિલા સહિત ૯ શખ્સોને ઝડપી લઈ તેઓ પાસેથી રુ. ૧,૭૦,૦૦૦ની માલમત્તા કબજે કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગર તાલુકાના લાખાબાવળ ગામની સીમ વિસ્તારમાં મહિલાઓ જાહેર જુગાર રમી રહી છે તેવી બાતમીના આધારે સ્થળ પર જઈ પોલીસે દરોડો પાડયો હતો. જ્યાં ગંજીપાના વડે જુગાર રમી રહેલ કૌશિકાબેન વિજયભાઈ વાળા, શાંતિબેન રાજુભાઈ વીશાવાડીયા, ભાવનાબેન ગોગનભાઈ ઓડેદરા, અક્ષતાબેન મુકેશભાઈ ચોસલીયા, સંતોષબેન પરબતભાઈ બોખીરીયા અને સુરેશ નથુભાઈ પીંગળ સહીત તમામની અટકાયત કરી રોકડ રુ. ૧,૦૯,૧૦૦ સાથે અટકાયત કરવામાં આવી છે.

આ ઉપરાંત જામજોધપુરમાં વાછરાડાડાના મંદિરની બાજુમાં જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમતા સંદીપ નારણભાઈ સોનરાજ, કેશુભાઈ સાર્દુલભાઈ ગોહીલ અને વિક્રમ જલાભાઈ પરમાર નામના ત્રણ શખ્સોની અટકાયત કરી તેઓ પાસેથી રોકડ રુ. ૮૦૦ તેમજ બે મોટરસાયકલ મળી કુલ રુ. ૬૦,૮૦૦નો મુદામાલ કબજે કર્યો છે.

# અયોધ્યા રામ મંદિરના મુહૂર્ત કાઢનાર જ્યોતિષચાર્ય જામનગરની મુલાકાતે



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : અયોધ્યા રામ મંદિરના મુહૂર્ત કાઢનાર જ્યોતિષચાર્ય ગણેશ્વર શાસ્ત્રી દ્રાવિડએ જામનગરની મુલાકાત લીધી હતી. ગઈકાલે બપોર બાદના સમયગાળા દરમિયાન પદ્મવિભૂષણથી સન્માનિત જાણીતા જ્યોતિષાચાર્ય ગણેશ્વર શાસ્ત્રી દ્રાવીડ ગુરુજીનું જામનગરમાં આગમન થયું હતું. આ દરમિયાન તેઓએ જામનગરના વિશ્વ વિખ્યાત બાલા હનુમાનના દર્શન કર્યા હતા. શહેરના શુ પ્રસિદ્ધ બાલા હનુમાનના દર્શન કરી તેઓએ ધન્યતા અનુભવી હતી.

### દ્વારકાધીશજીને કુંડલા ભોગ મનોરથ યોજાયો



દ્વારકા : દ્વારકાધીશ જગતમંદિરમાં ગઈકાલે સવારે ઠાકોરજીના શૃંગાર દર્શન સમયે શ્રીજીના ભાવિક ભકત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી ઠાકોરજીને કુંડલા ભોગ મનોરથ યોજવામાં આવ્યો હતો. મંગળવારના પીળા વાઘા સહિત રત્નાલંકારના દિવ્ય શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શનનો ઉપસ્થિત હજારો ભાવિકોએ પ્રત્યક્ષ રીતે લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માધ્યમોથી પણ લાખો કૃષ્ણભકતોએ આ દિવ્ય દર્શનની ઝાંખી કરી ધન્યતા અનુભવી હતી.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર



રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત ફેબ્રુઆરી – ૨૦૨૬ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કૅટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

ફેબ્રુઆરી-૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹30 |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ₹૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."
શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી રમણભાઈ સોલંકી
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.